# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **વિદેશ મંત્રાલયે જણાવ્યું, LPG ગેસની ઉપલબ્ધતા પર સતત નજર, સરકાર ઘરેલુ ગ્રાહકોને પ્રાથમિકતા આપી રહી છે.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તમામ વિકાસકાર્યો ગુણવત્તાયુક્ત રીતે કરવા પર ભાર આપ્યો.**
3. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉદ્યાગસાહસિકોને પ્રોત્સાહિત કરતા કહ્યું, રાજ્યમાં રોકાણ કરવાનો આ શ્રેષ્ઠ સમય.**
4. **રાજ્યની પહેલી ડિજિટલ ગ્રામપંચાયત બનવા વલસાડની તીથલ ગ્રામપંચાયતે મોબાઈલ એપ્લિકેશન બનાવી.**
5. **ઉત્તર, દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્ર–કચ્છમાં આજે ગાજવીજ સાથે વરસાદની આગાહી.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# MEA BRIFING

ભારતે ખાડી ક્ષેત્રમાં ઉર્જા સ્થાપનો પર થયેલા તાજેતરના હુમલાઓની ટિકા કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, આ હુમલાઓથી વૈશ્વિક ઉર્જા પરિદ્રશ્યને વધુ અસ્થિર થાય તેવું જોખમ છે.

શ્રી જયસ્વાલે કહ્યું, LPG ગેસની ઉપલબ્ધતા પર નજર રાખવામાં આવી રહી છે. સરકાર ઘરેલુ ગ્રાહકોને પ્રાથમિકતા આપી રહી છે અને ઉર્જાના વિવિધ સ્ત્રોતના ઉપયોગ પર કામ કરી રહી છે. શ્રી જયસ્વાલે ઉમેર્યું, બાંગ્લાદેશ, શ્રીલંકા અને મૉલદીવ સહિત અન્ય પાડોશી દેશે ભારત પાસેથી ઉર્જા મદદની માગ કરી છે.

શ્રી જયસ્વાલે વધુમાં કહ્યું, હોર્મૂઝ સામુદ્રધુની ક્ષેત્રમાં ભારતના હાલ 22 જહાજ છે. તેમાં 611 જેટલા ભારતીય નાવિક હાજર છે. તેમણે ભારત સરકાર કંપનીઓના સંપર્કમાં છે અને ઘણા નાવિક સલામત રીતે પરત પણ આવી ગયા હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો.

**(BYTE : RANDHIR JAISWALE)**

# CM PATEL JAMNAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, સશસ્ત નાણાકીય વ્યવસ્થાપન દ્વારા વિકાસના કારમ માટે સરકાર પાસે નાણાની કોઈ અછત નથી. પોરબંદરના તાજાવાલા સભાખંડ ખાતે ગઈકાલે વર્ચ્યૂઅલ માધ્યમથી 413 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ શ્રી પટેલે આ વાત કહી. તેમણે કહ્યું, પોરબંદરને વિકાસની દ્રષ્ટિએ એક આદર્શ જિલ્લો બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ અને તમામ વિકાસકાર્યો ગુણવત્તાયુક્ત થાય તે માટે સરકાર સતર્ક છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

આ પ્રસંગે ઉપસ્થિત વિજ્ઞાન અને ટૅક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ આગામી અંદાજપત્રમાં 100 કરોડ રૂપિયાના ખર્ચે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રની મંજૂરી આપવા બદલ મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો

# NARMADA PARIKRAMA

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આગામી એક વર્ષમાં ગાંધીનગર ગિફ્ટ સિટીમાં 20થી વધુ આંતર-રાષ્ટ્રીય સ્તરની રેસ્ટોરાં શરૂ કરવાની જાહેરાત કરી. ગાંધીનગરમાં I.F.S.C.A. ટૅલેન્ટ વિસ્તા સમિટ-ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી સંઘવીએ ગિફ્ટ સિટી માત્ર માળખાકીય પરિયોજના નહીં, પણ લાખો યુવાનોના સ્વપ્ન સાકાર કરવાનું કેન્દ્ર છે.

શ્રી સંઘવીએ ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહિત કરતા કહ્યું, ગુજરાત તકની ભૂમિ છે અને અહીં રોકાણ કરવા આ શ્રેષ્ઠ સમય છે. સાથે જ તેમણે વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવા ગિફ્ટ સિટી મહત્વનો સેતુ બનશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

# CHAITRI NAVRATRI SECOND DAY

ચૈત્રી નવરાત્રિનો આજે બીજો દિવસ છે. આજે માતાજીના બ્રહ્મચારિણી સ્વરૂપની પૂજા-અર્ચના કરવામાં આવે છે. બ્રહ્મચારિણી માતાજીના આ સ્વરૂપમાં તેમનાં જમણા હાથમાં જપમાળા અને ડાબા હાથમાં કમંડળ છે. બ્રહ્મ એટલે તપ, બ્રહ્મચારિણી એટલે તપનું આચરણ કરનારાં. દેવી બ્રહ્માચારિણી એ તપશક્તિનું પ્રતીક માનવામાં આવે છે. તેમની આરાધનાથી ભક્તમાં તપ કરવાની શક્તિ વધે છે. સાથે જ વિચારેલા તમામ કામ પૂર્ણ કરવાની પ્રેરણા મળે છે.

# SOMNATH GAMAN TITHI

ગીરસોમનાથમાં ગોલોકધામ ખાતે ભગવાન શ્રીકૃષ્ણના નિજધામ ગમનતિથિ નિમિત્તે ભવ્ય ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા. શાસ્ત્રોક્ત માન્યતા મુજબ, ચૈત્ર શુક્લ પ્રતિપદાના પાવન દિવસે ભગવાન શ્રીકૃષ્ણે સ્વધામ ગમન કર્યું હતું,. તેને આ વર્ષે અંદાજે પાંચ હજાર 128 જેટલા વર્ષ પૂર્ણ થયા છે. ઉજવણીની શરૂઆત સૂર્યોદય સમયે મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી. આ પ્રસંગે ચરણપાદૂકા પૂજન, ગૌપૂજન, ધ્વજારોહણ અને વૃક્ષારોપણ પણ કરાયું હોવાનું શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે. ડી. પરમારે જણાવ્યું .

**(BYTE: J. D. PARMAR, TRUSTEE, SHRI SOMNATH TRUST)**

# VALSAD PANCHAYAT APPLICATION

વલસાડની તીથલ ગ્રામ પંચાયતે લોકો ઘરેબેઠા મહેસૂલ વેરો ભરી શકે તે માટે વિશેષ એપ્લિકેશન તૈયાર કરી છે. લોકો આ એપ પરથી સાત બાર કે આઠ અ-ની નકલ પણ મેળવી શકશે. આ સાથેજ તીથલ રાજ્યની પહેલી ડિજિટલ ગ્રામ પંચાયત બનવા જઈ રહી હોવાનું તીથલ ગામના સરપંચ રાકેશ પટેલે જણાવ્યું.

(BYTE: RAKESH PATEL, SARPANCH, TITHAL GRAM PANCHAYAT)

# WEATHER FORECAST

રાજ્યના અનેક જિલ્લામાં ગઈકાલે કમોમસી વરસાદ થતાં ઠંડક પ્રસરી છે. તેવામાં હવામાન ખાતાએ આજે મધ્ય, ઉત્તર અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, આ તમામ જિલ્લાઓમાં આજે 50થી 60 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AHMEDABAD)

દરમિયાન ગત 24 કલાકમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે.

જયસ્વાલે

# STATE RAIN OVERALL

રાજ્યના અનેક જિલ્લામાં વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. મહીસાગર જિલ્લામાં પણ ગઈકાલે સાંજે ભારે પવનના કારણે વૃક્ષો ધરાશાયી થતા ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પૂરવઠો ખોરવાયો હતો. આ અંગે સાંભળીએ મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષીનો અહેવાલ.

**(BYTE: KAUSHIK JOSHI, PTC, MAHISAGAR)**

# RAIN

રાજ્યભરમાં ગઇકાલ બપોરથી વાતાવરણમાં અચાનક પલટો આવતા ભારે પવન બાદ કેટલાક સ્થળોએ વરસાદ નોધાયો છે. રાજ્યના 72 તાલુકામાં અડધાથી દોઢ ઇંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે.

વલસાડમાં ભારે પવન ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડી હતી. ભારે પવનને કારણે કેરીના પાકમાં રોગ આવવાની શક્યતાના કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે.પાટણમાં સાંતલપુર તાલુકામાં વાવાઝોડા ઉપરાંત સાંજે ધીમી ધારે વરસાદ વરસતા લોકોને ભરઉનાળે ઠંડકનો અહેસાસ થયો. તેમજ શહેરના ત્રણ દરવાજા વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો.

કચ્છના નાના રણમાં વાવાઝોડાના કારણે અગરિયાઓ દ્વારા લગાવવામાં આવેલી સોલાર પ્લેટો ઊડી જતાં તેમને મોટા પાયે આર્થિક નુકસાન થયું છે. સાથે સાથે અગરિયાઓએ રહેવા બનાવેલા હંગામી છાપરાઓ પણ ઊડીને તૂટી પડતા અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે.

છોટાઉદેપુર રાષ્ટ્રીય રાજમાર્ગ પર વૃક્ષ ધરાશયી થતાં ટ્રાફિક જામ થયો હતો. તાપી જિલ્લાના વ્યારા અને પંચમહાલના ગોધરા શહેરમાં ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

નવસારીના ગણદેવી તથા આસપાસના વિસ્તારોમાં વરસાદના છાટા પડ્યા હતા. પૂર્વ કચ્છના ખડીરમાં ઇસબગુલ અને એરંડાના પાકને ભારે નુકસાન થયું છે . ભરુચના જંબુસરના રૂનાડ ગામે ભારે પવનથી મકાનોના પતરાં ઊડી ગયા હતા.

અમદાવાદ માં 35 કિમી ની ઝડપે પવન ફૂકાતાં 30 જેટલા વૃક્ષો ધરાશાયી થયા છે.